# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-07-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : THURSDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ખેડૂતોનાં જીવનમાં પરિવર્તન લાવવા સરકાર પ્રતિબદ્ધ
2) **કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, 10 લાખ નાગરિકોને A.I.ની નિઃશુલ્ક તાલીમ અપાશે.**
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીમાં પ્રતિષ્ઠિત સ્વચ્છ સર્વેક્ષણ 2024-25 પુરસ્કાર એનાયત કરશે
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જયપુરના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે
5) મહિલા ક્રિકેટમાં ઇંગ્લેન્ડ સામેની ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની પહેલી મેચમાં ભારતનો વિજય

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

## PM MODI CABINET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવા સરકાર પ્રતિબદ્ધ છે અને પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના આ દિશામાં એક મહત્વનું પગલું છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આનાથી પછાત જિલ્લાઓમાં પાક ઉત્પાદનમાં વૃદ્ધિ તો થશે જ. સાથે જ આપણા માટે અનાજ ઉત્પન્ન કરનારાઓની આવકમાં પણ વધારો થશે. આ યોજના નીતિ આયોગને મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમથી પ્રેરિત છે અને આ પહેલો એવો કાર્યક્રમ છે, જે ખાસ કરીને ખેતી અને સંબંધિત ક્ષેત્રો પર કેન્દ્રીત છે.

વર્ષ 2025-26ની અંદાજપત્ર જોગવાઈઓમાં પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના અંતર્ગત 100 જિલ્લાના વિકાસ માટે આ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. આ અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વધુ માહિતી આપી.

(BYTE: ASHWINI VAISHNAV)

# ASHWINI CSC DIWAS

ઇલેક્ટ્રૉનિક્સ અને માહિતી ટૅક્નોલૉજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, 10 લાખ નાગરિકોને કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I.ની નિઃશુલ્ક તાલીમ અપાશે. તેમાં ગ્રામ સ્તરના ઉદ્યોગસાહસિકોને પ્રાથમિકતા અપાશે. નવી દિલ્હીમાં યશોભૂમિ સંમેલન કેન્દ્રમાં ડિજિટલ ઇન્ડિયાના 10 વર્ષ પૂર્ણ થવા પ્રસંગે ગઈકાલે યોજાયેલા “CSC દિવસ” કાર્યક્રમમાં શ્રી વૈષ્ણવે આ વાત કહી.

શ્રી વૈષ્ણવે સામાન્ય સેવા કેન્દ્ર કાર્યકર્તાઓના પ્રયાસ અને સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા કહ્યું, સમગ્ર દેશના ગ્રામ સ્તરના ઉદ્યોગસાહસિકોએ ડિજિટલ ઇન્ડિયાનો લાભ દરેક નાગરિક સુધી પહોંચાડીને એક નોંધપાત્ર ઉદાહરણ રજૂ કર્યું છે.

**(BYTE- ASHWINI VAISHNAV)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ SWACHH SURVEKSHAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીમાં પ્રતિષ્ઠિત સ્વચ્છ સર્વક્ષણ 2024-25 પુરસ્કાર એનાયત કરશે. આ કાર્યક્રમમાં શહેર ભારતના સૌથી સ્વચ્છ શહેરોને સન્માનિત કરાશે અને સ્વચ્છ ભારત અભિયાન-શહેરીને આગળ વધારવાના પ્રયાસોને માન્યતા અપાશે.

આ વર્ષે આ પુરસ્કાર ચાર શ્રેણીમાં અપાશે, જેમાં સુપર સ્વચ્છ લિગ શહેર અને સૌથી વધુ વસતિ ધરાવતા પાંચ શહેરમાંથી ટોચના ત્રણ સ્વચ્છ શહેરનો સમાવેશ થાય છે. ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે જણાવ્યું, આ વર્ષે કુલ 78 પુરસ્કાર અપાશે. સ્વચ્છ સર્વેક્ષણ 2024-25માં શહેરી સ્વચ્છતા અને સેવા વિતરણનું મૂલ્યાંકન કરવા એક સ્માર્ટ અને સકારાત્મક અભિગમ અપનાવાયો છે, જે શહેરોમાં સ્વચ્છતા અને કચરાના વ્યવસ્થાપનનો સર્વાંગી દ્રષ્ટિકોણ રજૂ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH JAIPUR VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે જયપુર જશે. તેઓ જયપુર પાસે ડાડિયા ગામમાં યોજાનારા સહકારિતા અને રોજગાર ઉત્સવમાં ઉપસ્થિત રહેશે. શ્રી શાહ એક વિશાળ જનસભાને પણ સંબોધશે. આ પ્રસંગે તેઓ સરકારી વિભાગોમાં નવનિયુક્ત યુવાનોને નિમણૂકપત્રોનું વિતરણ કરશે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- JITENDRA DWIVEDI)**

*(...શ્રી શાહ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને પ્રમાણપત્રો અને ચેકનું પણ વિતરણ કરશે અને સહકારના વિવિધ માળખાકીય પરિયોજનાઓનું લોકાર્પણ કરશે. તેઓ વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ બનાવવામાં આવેલા 24 વખાર અને શ્રીઅન્નના સંવર્ધન માટે બાજરીની 64 દુકાનોનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી શાહ ગોપાલ ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ એક હજાર 400 લાભાર્થીઓને અંદાજે 12 કરોડ રૂપિયાની લોનનું વિતરણ કરવાની સાથે, શ્રી શાહ શ્વેત ક્રાંતિના બીજા તબક્કા હેઠળ પ્રાથમિક ડેરી સહકારી સમિતિઓના ઓનલાઈન નોંધણી પ્લેટફોર્મનો શુભારંભ કરાવશે. તેઓ પોલીસ મથકો, સશસ્ત્ર દળો, ટુકડી વાહક અને તાલીમ માટે ઉપયોગમાં લેવાતા 100 નવા વાહનોને પણ લીલીઝંડી આપશે.*

. . . . . . . . . . . . . . . . . . . . .

BOMBAY HC

બોમ્બે વડી અદાલતે એક માદા હાથીને ગુજરાતના જામનગરમાં એક વિશેષ હાથી પુનર્વસન કેન્દ્રમાં મોકલવનો નિર્દેશ આપ્યો છે. આ માદા હાથી ત્રણ દાયકાથી કોલ્હાપુરમાં એક જૈન ધાર્મિક ટ્રસ્ટ સાથે રહેતી હતી અને તેને મહાદેવી અને માધુરી નામ અપાયું હતું.

વડી અદાલતે જણાવ્યું, હાથીનો ગુણવત્તાયુક્ત જીવન જીવવાનો અધિકાર માનવીઓના ધાર્મિક વિધિઓ માટે પ્રાણીનો ઉપયોગ કરવાના અધિકાર કરતા ઉપર છે. પ્રાણી સંરક્ષણ સંબંધિત બિન-સરકારી સંગઠન પેટાએ આક્ષેપ લગાવ્યો કે, ધાર્મિક પરંપરાની આડમાં હાથીનું શોષણ કરવામાં આવી રહ્યું છે.

પેટાએ જણાવ્યું, તેલંગાણા રાજ્ય વક્ફ બૉર્ડે મોહરમ જુલૂસ માટે વનવિભાગની ફરજિયાત મંજૂરી વગર હાથીને ચાર લાખ રૂપિયામાં ભાડા પર લીધો હતો.

----------

# INDIA US TRUMP

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ભારત અને અમેરિકા વચ્ચે બહુપ્રતિક્ષિત વચગાળાના વેપાર કરાર પર ચાલી રહેલી વાટાઘાટો ટૂંક સમયમાં પૂર્ણ થઈ શકે છે. શ્રી ટ્રમ્પે કહ્યું, બંને દેશ વચ્ચે વાટાઘાટો સકારાત્મક રીતે ચાલી રહી છે અને પ્રસ્તાવિત કરાર અમેરિકાની કંપનીઓને અમેરિકા-ઇન્ડોનેશિયા વચ્ચે થયેલા વેપાર કરારની જેમ ભારતીય બજારમાં વધુ સારી પહોંચ પ્રદાન કરી શકે છે. તેમણે કહ્યું, અમેરિકાને ઇન્ડોનેશિયામાં સંપૂર્ણ પહોંચ મળી ગઈ છે અને ભારત પણ આ દિશામાં કામ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# WOMEN S CRICKET

મહિલા ક્રિકેટમાં ભારત અને ઇંગ્લૅન્ડની ત્રણ મૅચની એક દિવસીય શ્રેણીની પહેલી મૅચમાં ભારતે ઇંગ્લૅન્ડને ચાર વિકેટથી પરાજય આપ્યો.

ઇંગ્લૅન્ડે ભારતને જીતવા 259 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં ભારતે 48 ઑવર બે બૉલમાં છ વિકેટે 262 રન કરી મૅચ જીતી લીધી. ભારતનાં ખેલાડી દીપ્તિ શર્માએ 64 બૉલમાં અણનમ 62 રન અને જેમિમા રોડ્રિગ્સે 54 બૉલમાં 48 રન બનાવ્યાં. દરમિયાન દીપ્તિ શર્માને પ્લૅયર ઑફ ધી મૅચ જાહેર કરાયાં.

આ પહેલા રોઝ બાઉલ સ્ટેડિયમમાં ટૉસ જીતીને ઇંગ્લૅન્ડે પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો. ઇંગ્લૅન્ડે નિર્ધારિત 50 ઑવરમાં છ વિકેટે 259 રન બનાવ્યા હતા. આ મૅચમાં જીત સાથે જ ભારત આ શ્રેણીમાં એક-શૂન્યથી આગળ થઈ ગયું છે. બંને ટીમ વચ્ચે બીજી એક દિવસીય મૅચ આ શનિવારે 19 જુલાઈએ લંડનના લૉર્ડ્સ ક્રિકેટ મેદાનમાં રમાશે.

. . . . . . . . . . . . . . . . . . .

# RUSSIA UKRAINE STRIKES

રશિયાએ યુક્રેન પર 400 ડ્રોન અને એક બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો છે. યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું, આ હુમલામાં ખારકીવ, ક્રાઈ-વઈ રીહ અને વિનિ-ત્સિયા સહિત મુખ્ય શહેરોને નિશાન બનાવાયા હતા. તેના કારણે ઊર્જાની માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચ્યું છે. તેમજ 15 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.

યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું, તેમણે મોટા ભાગના ડ્રોન તોડી પાડ્યા, પરંતુ 57 ડ્રોન 12 શહેરમાં હુમલો કરવામાં સફળ રહ્યા. સ્થાનિક માધ્યમોના અહેવાલો મુજબ, ક્રાઈ-વઈ રીહ અને આસપાસના ક્ષેત્રોમાં 80 હજાર ઘરોમાં વીજ પૂરવઠો ખોરવાયો છે.

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ એ વાતની પુષ્ટિ કરી કે, આ હુમલો મુખ્યત્વે ઊર્જા સુવિધાઓને લક્ષ્ય બનાવીને કરાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજનાં અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

અખબારમાં પ્રકાશિત થયેલા મુખ્ય સમાચાર જોઇએ તો

આજે મોટાભાગના અખબારોએ પ્રધાનમંત્રી ધન ધાન્ય યોજનાને કેબિનેટે મંજૂરી આપી હોવાના સમચાર મુખ્ય છે.

ગુજરાત સમાચારે લખ્યું છે કે રશિયા સાથે ટ્રેડ કરાશે તો ભારત પર 100 ટકા ટેરિફ

નવગુજરાત સમયની આજની હેડલાઇન છે – નાટોની ભારત.ચીન , બ્રાઝિલ પર 100 ટકા ટેરિફ લાદવાન ધમકી

દેશમાં વિકસાવાશે 100 ટકા કૃષિ જિલ્લા આ હેડલાઇન ફૂલછાબે લખી છે

દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે ટ્રમ્પનો દાવો ..ઝિરો ટેરિફ પર ડીલની શક્યતા , ભારતે કહ્યું વેઇટ એન્ડ વોચ

રાજ્ય અને સ્થાનિક સમાચારમાં પ્રજાલક્ષી કાર્યો પર વધુ ધ્યાન આપવા સીએમનું તંત્રને અલ્ટિમેટન, વિધાનસભામાં નવા ચૂંટાયેલા બે ધારાસભ્યનો શપથગ્રહણ બાદ સંખ્યાબળ 182 થયું હોવાના સમાચાર છેલ્લા પેજ પર તમામ અખબારોએ છાપ્યાં છે

સ્પોર્ટસ પેજ ઉપર ભારતની મહિલા ટીમે ઇગ્લેંડને તેની ધરત પર જ પરાસ્ત કરવાના સમાચાર તમામ અખબારોએ સ્પોર્ટસ પેજ ઉપર તસવીર સાથે છાપ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .